વર્ગીકરણ: સત્તાવાર

પ્રકાશન માન્યતા સંદર્ભ: PAR1381

# NHS કન્ટિન્યુઇંગ હેલ્થકૅર: સ્વતંત્ર સમીક્ષા પ્રક્રિયા

## જાહેર માહિતી માર્ગદર્શિકા

સંસ્કરણ 2, 1 જૂન 2022

# વિષયવસ્તુ

NHS કન્ટિન્યુઇંગ હેલ્થકેર શું છે? ..... 2
NHS કન્ટિન્યુઇંગ હેલ્થકેર પાત્રતા નિર્ણયો માટેની જવાબદારી ..... 2
સ્વતંત્ર સમીક્ષા ..... 2
જો તમે IR ને વિનંતી કરવાનું નક્કી કરો તો શું અપેક્ષા રાખશો ..... 3
IR માટે વિનંતી કરવી અને અરજી પત્રક ભરવું ..... 3
અરજી પત્રક ભરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું ..... 4
તમને માહિતગાર રાખવા ..... 6
તમારી અરજીની સમીક્ષા કરવી ..... 6
IR પેનલ માટેની વ્યવસ્થા ..... 7
NHS કન્ટિન્યુઇંગ હેલ્થકેર માટે કોણ પાત્ર છે? ..... 10
કોઈ વ્યક્તિને 'પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાત' છે કે કેમ એનો નિર્ણય કરવામાં અમે મહત્ત્વપૂર્ણ વિચારણાઓના સારાંશનો ઉપયોગ કરીએ છીએ. ..... 10
તમારી અંગત માહિતીનું શું કરવામાં આવે છે? ..... 12

આ માર્ગદર્શિકા જાહેર જનતાને NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર સ્વતંત્ર સમીક્ષા પ્રક્રિયા વિશે સામાન્ય જાણકારી આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

## NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર શું છે?

NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર એ જેમને 'પ્રાથમિક સારવાર જરૂરિયાત' હોવાનું નક્કી કરવામાં આવેલ છે એવા લોકો માટે પૂર્ણત: NHS દ્વારા નાણા સહાયિત અને સારવાર વ્યવસ્થાના ઓનગોઈંગ પેકેજને આપવામાં આવેલ નામ છે.  જો પાત્ર જણાય તો મોટા ભાગે તમારા પોતાના ઘેર અથવા કેર હોમમાં સારવારનું પેકેજ પહોંચાડવામાં આવે છે.

તમારી સ્થાનિક સ્વાસ્થ્ય સારવારના આયોજન અને ખરીદી માટે જવાબદાર ઈન્ટિગ્રેટેડ કેર બોર્ડ (ICB) નક્કી કરે છે કે તમે NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર માટે પાત્રતા ધરાવો છો કે નહીં.

કોઈ વ્યક્તિ NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર માટે પાત્રતા ધરાવે છે કે નહિ એ માટેના અને નિર્ણયને પડકારવા માટેના નિયમો અને પ્રક્રિયાઓ NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર માટેનું નેશનલ ફ્રેમવર્ક અને NHS-નાણાં સહાયિત નર્સિંગ કેર (નેશનલ ફ્રેમવર્ક) નિર્ધારિત કરે છે.

## NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર પાત્રતા નિર્ણયો માટેની જવાબદારી

NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર માટે તમારી પાત્રતા અંગેના નિર્ણયથી જો તમે અસંતુષ્ટ છો, તો તમે ICB ને તેની સ્થાનિક સમાધાન પ્રક્રિયાનો ઉપયોગ કરીને નિર્ણયની સમીક્ષા કરવા માટે વિનંતી કરી શકશો.

## સ્વતંત્ર સમીક્ષા

ICB ના સ્થાનિક સમધાન મારફતે જો સમસ્યાનું સમાધાન શક્ય નથી તો સ્વતંત્ર સમીક્ષા (IR)ની વિનંતી કરવા તમે અમને એટલે કે (NHS England) ને અરજી કરી શકો છો.

**IR પ્રક્રિયા શું કરી શકે નહી**

આ પ્રક્રિયા નીચેના અંગે નિર્ણય કરી શકે નહી:

- પાત્રતાના માપદંડોની વિષયવસ્તુ
- NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર પેકેજના કોઈ પ્રસ્તાવનો પ્રકાર અને સ્થાન
- તમને ઓફર કરવામાં આવેલ કોઈ વૈકલ્પિક સારવાર પેકેજનું કન્ટેન્ટ
- તમારે લેવાની હોય અથવા લીધી હોય એવી સારવાર અથવા સેવાઓ
- નેગેટિક ચેકલિસ્ટને પગલે સંપૂર્ણ તપાસ માટેની વિનંતી પર વિચારણા કરવા ઈન્ટિગ્રેટેડ કૅર બોર્ડ (ICB) નો ઈનકાર
- નુકસાન ભરપાઈની કોઈ ચૂકવણીની ગણતરી

આ સમસ્યાઓ ઉઠાવવા માટે તમારે NHS ફરિયાદ કાર્યરીતિનો ઉપયોગ કરવો જોઈએ.

## જો તમે IR ને વિનંતી કરવાનું નક્કી કરો તો શું અપેક્ષા રાખશો

આ પ્રક્રિયાના કેટલાક પગલાં છે:

- તમે એક અરજી ફોર્મમાં વિનંતી કરી, વિગતો ભરી પાછું આપશો
- અમે તમારી અરજીની સમીક્ષા કરીશું. IR પેનલની વ્યવસ્થા કરવી કે નહિ એનો નિર્ણય કરતા પહેલા અમે તમારો કેસ 'વિચારણા પ્રક્રિયા' (નીચે દર્શાવેલ) માટે મોકલી શકીએ છીએ.
- અમારા નિર્ણયની જાણ કરવા અમે તમને પત્ર લખીશું.
- જો અમે પેનલ સાથે સંમત છીએ, તો પેનલને મળવા માટે અને મીટીંગમાં હાજર રહેવા માટે આમંત્રિત કરવા અમે તમને એક તારીખ સૂચવીશું, જો તમે એમ કરવા માગો છો.
- IR પેનલ તમને મળે છે અને તમારી પાત્રતા વિશે તેની ભલામણો કરે છે.
- અમે તમને અને ICB ને નિર્ણયની જાણ કરીશું અને જો તમે પરિણામોથી અસંમત છો તો તમારા વિકલ્પો સમજાવીશું.

## IR માટે વિનંતી કરવી અને અરજી પત્રક ભરવું

સ્થાનિક સમાધાન મીટીંગને પગલે ICBના નિર્ણયથી જો તમે અસંતુષ્ટ રહો છો, તો તમારે 'સ્વતંત્ર

સમીક્ષા માટેની અરજી' કરવી રહી. આ વિનંતી કરવા, ICBના સ્થાનિક સમાધાન નિર્ણય પત્રમ તમારે છ સપ્તાહની અંદર ફોર્મ પરત કરવાનું રહેશે જેથી અમે તમારી અરજી પર પ્રક્રિયા કરી શકીએ.

અરજી પત્રક ભરવામાં તમને જો મદદની જરૂર હોય તો તમે અમારી ટીમના કોઈ સભ્યને વિનંતી કરી શકશો.

અમારો આશય પ્રક્રિયાને શક્ય એટલી જલ્દી આગળ વધારવાનો છે, પણ અમારી પાસે અસંખ્ય માત્રામાં કેસો છે અને જરૂરી તમામ માહિતી અમારી પાસે આવી ગઈ છે એ સુનિશ્ચિત કરવામાં સમય લાગે છે.

## અરજી પત્રક ભરતી વખતે કઇ બાબતોનું ધ્યાન રાખવું

અમે પાત્રતા અંગેના મૂળ નિર્ણય સાથે તમારી અસંમતિ માટેનું પ્રમુખ કારણ જાણવા ઈચ્છીશું. ફોર્મ ભરતી વખતે આ માર્ગદર્શિકાની પાછળ 'વિચારણા કરવા જેવી મહત્ત્વપૂર્ણ બાબતો'નો વિભાગ વાંચવો અને નીચેની બાબતો ધ્યાનમાં લેવી તમને ઉપયોગી થઈ શકે છે.

જો તમને લાગે છે કે ICB એ તમારી જરૂરિયાતોના કન્ટેન્ટનું યોગ્ય રીતે આકલન કર્યું નથી, તો પ્રશ્નમાં તમારી જરૂરિયાતોના પ્રકાર અને તપાસ વખતે તમને કઈ સારવારની જરૂર છે એ સમજાવો.

- શક્ય એટલા સ્પષ્ટ/ચોક્કસ બનો - તેનાથી અમને વધુ મદદ મળે છે જો તમે એમ કહો છો કે  એવું ઘણી વખત બન્યું છે એના કરતા તમે એમ કહો કે 'સામાન્ય રીતે દિવસમાં બે કે ત્રણ વખત' સમસ્યા આવી છે.
- અમને એ દરેક બાબત વિશે જણાવો જે સારવારને વધુ જટિલ બનાવે છે.
- જો તમારી જરૂરિયાતોનું અનુમાન કરવું અઘરું જણાતું હોય અને તેમાં ફેરફાર થયા કરતો હોય તો અમને જણાવો.
- તમારી માનસિક અને ભાવનાત્મક જરૂરિયાતો શારીરિક જરૂરિયાતો જેટલી જ મહત્ત્વપૂર્ણ છે.
- તમારા સંબંધીજનો અથવા સ્વયંસેવીઓ ઉપરાંત વ્યવસાયિકો તરફથી તમને

IR પ્રક્રિયા માટે તમે નવા પુરાવાઓ ત્યારે જ રજૂ કરી શકશો જો ICB ને તમારી તપાસ કરતી વખતે અને તેનો નિર્ણય લેતી વખતે આ પુરાવાઓ મેળવવા ઉચિત જણાશે અને/અથવા તેને વિચારણામાં લેવા અપેક્ષિત હશે, પણ એમ કરવામાં તે નિષ્ફળ રહેલ છે.

વધારાની માહિતી પૂરી પાડવા માટે આ તમારી **આખરી**તક છે અને પ્રક્રિયાના પછીના તબક્કે તમે વધારાની કોઈ માહિતી રજૂ કરી શકશો નહીં.

તમે ICB ને પૂરી પાડેલ તમામ માહિતી તેઓ અમને આપે છે, તેથી તમારે અમને તે મોકલવાની **જરૂર** નથી. કૃપા કરી ખાતરી કરો કે મીટીંગ પહેલા ICB તરફથી અમને મોકલવામાં આવેલ માહિતીની સમીક્ષા કરવાની અને એમાં જો કોઈ બાબત તમને ચિંતાજનક લાગતી હોય તો પેનલ સમક્ષ મૌખિક રીતે પ્રદર્શિત કરવાની તક તમને મળે.

IR ની વિનંતી કરવા માટે ઉપર દર્શાવેલ પ્રક્રિયાનો આશય તમને કોઈ ગેરલાભની સ્થિતિમાં મૂકવાનો નથી. પ્રક્રિયાની કોઈપણ બાબતને લઈને તમને જો કોઈ મુશ્કેલી હોય તો કૃપા કરી

NHS ઈંગ્લેન્ડમાં તમારી વિનંતી પર પ્રક્રિયા કરવા માટે જવાબદાર અધિકારીનો સંપર્ક કરો. અરજી પત્રક સાથે જે પત્ર જોડો છો એમાં અધિકારીનું નામ લખેલું હોવું જોઈએ.

## તમને માહિતગાર રાખવા

તમારા કેસમાં સહાય કરતા કેસવર્કરની વિગતો તમને આપવામાં આવશે, જે તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપી શકવા સક્ષમ હશે. અમારો આશય તમારી વિનંતી પર શક્ય એટલી જલ્દી કાર્યવાહી કરવાનો અને તેની પ્રગતિથી તમને માહિતગાર રાખવાનો છે. એ દરમિયાન, કૃપા કરી ધ્યાન રાખો કે આ પ્રક્રિયામાં સામાન્ય રીતે ત્રણથી છ માસનો સમય લાગે છે, અને માહિતગાર કરવા માટેની વિનંતીઓનો પ્રતિભાવ આપવાની અમારી ક્ષમતા સીમિત છે.

## તમારી અરજીની સમીક્ષા કરવી

અરજી પત્રક અને  ICB દ્વારા તૈયાર કરેલ કેસ ફાઈલનો ઉપયોગ કરીને અમે તમારા કેસનો પૂર્વ અભ્યાસ કરીશું. કેસ પૂર્વ અભ્યાસના કેટલાક સંભવિત પરિણામોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- જો અમને લાગે કે કેસ ફાઈલ અધૂરી છે, તો વધારાની માહિતી માટે અમે ICB ને વિનંતી કરીએ છીએ.
- જો ICB તેના પ્રારંભિક નિર્ણયને પગલે કોઈ સ્થાનિક સમાધાન આપતું નથી, તો IR ની જરૂર વિના ICB તમારી ચિંતાઓનું સમાધાન કરી શકે છે કે નહિ એ જોવા અમે તેમને કેસ પરત કરીએ છીએ.
- જો અમને કોઈ આશંકા જણાય તો તેની સમીક્ષા માટે IR પેનલ બોલાવવી કે કેમ એની સલાહ માટે અમે તમારો કેસ એક સ્વતંત્ર ચેરપરસનને સોંપીએ છીએ.
- જો કેસ તૈયાર છે અને IR પેનલ માટે ઉચિત છે, તો અમે પેનલની તારીખ નક્કી કરવા માટેની વ્યવસ્થા કરીએ છીએ.

કોઈ ચોક્કસ કેસ માટે IR પેનલ યોજવી કે નહિ એ અંગે સ્વતંત્ર ચેરની સલાહ મેળવવા માટે અમે 'વિચારણા પ્રક્રિયા'નો ઉપયોગ કરીએ છીએ. જો તમે તમારો કેસ આ પ્રક્રિયા માટે સોંપીએ છીએ, તો તમારા અરજી પત્રક અને કેસ ફાઈલની સમીક્ષા સ્વતંત્ર અધ્યક્ષ અને સ્વતંત્ર ક્લિનિકલ

એડવાઈઝર કરે છે.

જો તેમને લાગે કે તમારી જરૂરિયાતો NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર પાત્રતા માપદંડોની બહાર આવે છે, અથવા તમારો કેસ ખૂબ જ સ્પષ્ટ રીતે IR પેનલની વિચારણા માટે ઉચિત નથી, એવા સંજોગોમાં અધ્યક્ષ તેમના તર્ક સમજાવતો એક અહેવાલ તૈયાર કરશે અને ભલામણ કરશે કે અમે પેનલ આયોજિત કરતા નથી. અધ્યક્ષના અહેવાલની એક નકલ અમે તમને મોકલીશું જે તેમના તર્કને અને તેમની ભલામણ કે અમે પેનલ આયોજિત કરતા નથી સમજાવે છે.

આમ છતાં, જો અધ્યક્ષ નક્કી કરે છે કે પેનલ આયોજિત કરવી જોઈએ, તો અમે પેનલની તારીખ નક્કી કરવા માટેની વ્યવસ્થા કરીશું.

## IR પેનલ માટેની વ્યવસ્થા

### સમય નિર્ધારિત કરવો

IR પેનલની મીટીંગ માટે અમે એક તારીખ આપીએ છીએ.

### તમારી સામેલગીરી

જો તમે ઈચ્છો તો, મીટીંગમાં હાજર રહેવા અમે તમને આમંત્રિત કરીએ છીએ અથવા તમે તમારા વિચારો લેખિતમાં રજૂ કરી શકો છો.

(CHC સ્વતંત્ર સમીક્ષા પેનલ સામાન્ય રીતે Microsoft (માઇક્રોસોફ્ટ) ટીમ્સ પર ઑનલાઇન (વર્ચ્યુઅલ રીતે) રાખવામાં આવે છે. વ્યક્તિઓ IRP ના ટેલિફોન, રૂબરૂ અને હાઇબ્રિડ વર્ઝનની વિનંતી કરી શકે છે અને આ વિનંતીઓ NHS ઇંગ્લેન્ડ દ્વારા કેસ-દર-કેસ આધારે ધ્યાનમાં લેવામાં આવશે.)

### વિશેષ આવશ્યકતાઓ

જો તમારી કોઈ વિશેષ આવશ્યકતાઓ છે, દાખલા તરીકે: વ્હીલચેર, ગ્રાઉન્ડ ફ્લોર અથવા લિફ્ટની જરૂરિયાત, બ્રિટિશ સાંકેતિક ભાષા, વગેરે - તો કૃપા કરી શક્ય એટલી અને પેનલ મીટીંગના ઓછામાં ઓછા બે અઠવાડિયા પહેલા અમને જાણ કરો.

### કેસ ફાઈલની તમારી નકલ

મીટીંગમાં ઉપયોગમાં લેવા માટે ICB તમારા કેસ ફાઈલની એક નકલ તમને મોકલે છે. જો આ ફાઈલ મીટીંગની તારીખના બે અઠવાડિયા પહેલા તમને મળતી નથી, તો કૃપા કરી તરત જ અમને જાણ કરો.

અરજદાર તરીકે તમારે IR પેનલમાં હાજરી આપવી જરૂરી નથી, જો કે તમે આવો તો તમારું સ્વાગત છે. જો તમે હાજરી આપતા નથી, તો ICB દ્વારા આપવામાં આવેલ કેસ ફાઈલની સમીક્ષા એક વાર તમે કરી લો એ પછીના તમારા મહત્ત્વપૂર્ણ વિચારો લેખિતમાં અમે સ્વીકારીશું.

### સોલિસિટર દ્વારા હાજર રહેવું

કેટલાક લોકો IR પેનલની મીટીંગમાં હાજરી આપવા માટે તેમના એડવોકેટ તરીકે કાર્ય કરવા સોલિસિટરને નિયુક્ત કરે છે. જો તમે એમ કરો છો, તો તેઓએ એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે IR પેનલ મીટીંગ એ કોઈ કાનૂની પ્રક્રિયા નથી.  કેમ કે IR પેનલ મીટીંગમાં કાનૂની વ્યવસાયિકોની કોઈ ઔપચારિક ભૂમિકા નથી, તેથી સિલિસિટર નિયુક્ત કરવાથી તમને થતા ખર્ચની ભરપાઈ NHS દ્વારા કરવામાં આવતી નથી.

### પ્રક્રિયાને લગતી સમસ્યાઓ પ્રત્યે IR પેનલનો અભિગમ

એ સમજવું અગત્યનું છે કે NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર માટે જ્યારે તમારી તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે અનુસરવામાં આવેલ પ્રક્રિયામાંથી પ્રશ્નો ઉદભવે છે તો પણ એ કારણે IR પેનલ એવી ભલામણ નહિ કરે કે તમે NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર માટે પાત્રતા ધરાવો છો, સિવાય કે પેનલ એવા તારણ પર આવે છે કે ન્યાયી અને સુદૃઢ નિર્ણય કરવા માટે આ પહેલા જે પ્રક્રિયા અનુસરવામાં આવી હતી તે ICB ને નિરર્થક બનાવે છે.

એક માત્ર આધાર જેના પર પેનલ ભલામણ કરી શકે કે તમે પાત્રતા ધરાવો છો તે છે, નેશનલ ફ્રેમવર્ક દ્વારા ઘડી કાઢેલ નિયમો અનુસાર જો તે નિર્ણય કરે છે કે તમને 'પ્રાથમિક સારવાર જરૂરિયાત' છે.

કેટલાક સંજોગોમાં જ્યાં અમને લાગે કે પ્રક્રિયાને લગતા પ્રશ્નો ICB ને સુદૃઢ નિર્ણય લેતા રોકી શકે છે, તો તમારો કેસ પાછો ICB ને રિફર કરવામાં આવી શકે છે.  સંપૂર્ણ પુન:તપાસ માટે જો તમારો કેસ ICB ને પાછો મોકલવામાં આવે છે તો તમે એ સંપૂર્ણ પુન: તપાસ માટે વધારાની IR માટે હક્કદાર બનશો, જો તમે પરિણામોથી અસંમત છો.

**એ દિવસે પ્રક્રિયા**

IR પેનલ નીચેના સભ્યોની બનેલી છે:

- એક સ્વતંત્ર અધ્યક્ષ (NHS માં નોકરી કરતી ન હોય અને તમારા કેસ વિશે પહેલાથી વાકેફ ન હોય એવી કોઈ વ્યક્તિ)
- એક ICB પ્રતિનિધિ અને સામાજિક સેવા પ્રાધિકરણના એક પ્રતિનિધિ, એવી સંસ્થામાંથી જે આ પહેલા તમારા કેસ સાથે સંકળાયેલ નથી.
- એક ક્લિનિકલ એડવાઈઝર પણ હાજર રહી શકશે.

ક્લિનિકલ એડવાઈઝરનું કાર્ય તમારા ક્લિનિકલ નિદાનના સંદર્ભમાં તમારી જરૂરિયાતોનું અર્થઘટન તપાસકર્તાએ સાચી રીતે કર્યું છે કે કેમ એ અંગે સલાહ આપવાનું છે. તેમનું કાર્ય તમારા મૂળ ક્લિનિકલ નિદાન, સંચાલન અથવા રોગના અનુમાન અંગે સેકન્ડ ઓપિનિયન આપવાનું નથી.

સમીક્ષા પેનલની કાર્યવાહી અને સંચાલન એ અધ્યક્ષ હસ્તકની બાબત છે, જેમણે નેશનલ ફ્રેમવર્કમાં સૂચવેલ પ્રક્રિયાનું પાલન કરવું આવશ્યક છે. સામાન્ય રીતે અમે એકાદ કલાક ચાલે એવી ઓપન સેસનની મીટીંગની અપેક્ષા રાખીએ છીએ.

ઓપન સેસનમાં પેનલ સભ્યો જે તે વ્યક્તિ સહિતના મહત્ત્વપૂર્ણ પક્ષકારો, એમના પરિવારજનો અને એમને સારવાર પ્રદાન કરતા અન્ય કોઈ વ્યક્તિઓ, સ્વાસ્થ્ય અને સામાજીક સેવાઓના કર્મીઓ અને અન્ય કોઈ સંબંધિત સંસ્થાઓ અથવા વ્યક્તિઓના વિચારો જાણી શકે છે. પેનલે ઓપન સેસનના પહેલા તમામ લેખિત પુરાવાઓની સમીક્ષા કરવાની રહેશે પણ સ્થિતિને વધુ સ્પષ્ટ કરવા તેઓ વધારાની માહિતી પણ માગી શકે છે.

ઉપરાંત, ઓપન સેસન જે તે વ્યક્તિ અને/અથવા તેમના પ્રતિનિધિઓ, તેમજ જવાબદાર ICB ને તેમના વિચારો મૌખિક તેમજ લેખિતમાં રજૂ કરવાની તક આપે છે.

ઓપન સેસનની આખરમાં અધ્યક્ષ IR પેનલના તારણો અને ભલામણોને દર્શાવતો અહેવાલ તૈયાર કરવા માટેની સમયસીમા નક્કી કરે છે. એ પછી તમને અને ICB પ્રતિનિધિ (ICB માંથી જેમણે મૂળ નિર્ણય કર્યો છે) ને મીટીંગમાંથી જવા માટે જણાવવામાં આવે છે.

IR પેનલ ત્યારબાદ ખાનગીમાં તમારા કેસ પર ચર્ચા-વિચારણા કરે છે અને તેની ભલામણોને આધારે કોઈ નિર્ણય પર આવે છે.

## NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર માટે કોણ પાત્ર છે?

NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર માટેના નેશનલ ફ્રેમવર્ક અને NHS નાણાં સહાયિત નર્સિંગ કૅરમાં મેળવવાની સંપૂર્ણ માહિતી સ્વાસ્થ્ય અને સામાજીક સારવાર વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ છે:

https://assets.publishing.service.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/746063/20181001_National_Framework_for_CHC_and_FNC_-_October_2018_Revised.pdf

## કોઈ વ્યક્તિને 'પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાત' છે કે કેમ એનો નિર્ણય કરવામાં અમે મહત્ત્વપૂર્ણ વિચારણાઓના સારાંશનો ઉપયોગ કરીએ છીએ.

NHS કન્ટિન્યુઈંગ હેલ્થકૅર માટેની પાત્રતા કોઈ ચોક્કસ રોગ, નિદાન અથવા બિમારી હોવા પર આધારિત નથી, અને કોણ સારવાર આપે છે અથવા વ્યક્તિ ક્યાં વસવાટ કરે છે તેના પર તે આધારિત નથી. તે કૅર હોમ અથવા નર્સિંગ સહિતના કૅર હોમ અથવા વ્યક્તિના પોતાના ઘરમાં આપી શકાશે.

પાત્રતા એના આધારે નક્કી કરવામાં આવે છે કે વ્યક્તિને ‘પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાત’ છે કે કેમ, મુખ્યત્વે સામાજીક સાર-સંભાળ અને આવાસની જરૂરિયાતથી વિપરીત, જે સ્થાનિક

સત્તામંડળો પ્રદાન કરી શકશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. નર્સિંગ કેરની જરૂરિયાત હોવા માત્રથી કોઈ વ્યક્તિ NHS કન્ટિન્યુઈંગ હેલ્થકેર માટે પાત્ર બને એ જરૂરી નથી.

'પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાત'નું આકલન જે તે વ્યક્તિની **તમામ** સ્વાસ્થ્ય જરૂરિયાતો પર વિગતવાર વિચારણા કરીને અને ચાર મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતાઓ સાથે તેની સરખામણી કરીને કરવામાં આવે છે.

- **સ્વરૂપ**: આ વ્યક્તિની વ્યક્તિગત જરૂરિયાતો (જેમાં શારીરિક, માનસિક સ્વાસ્થ્ય અથવા મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોનો સમાવેશ થઈ શકે છે) અને એ જરૂરિયાતોના પ્રકારને વર્ણવે છે. આ વ્યક્તિ પર એ જરૂરિયાતોના સર્વગ્રાહી પ્રભાવનું પણ વર્ણન કરે છે જેમાં તેને સંચાલિત કરવા માટે જરૂરી દરમિયાનગીરીના પ્રકાર ('ગુણવત્તા') સામેલ છે.

- **તીવ્રતા**: આનો સંબંધ નિરંતર/સતત સારવારની જરૂરિયાત સહિત જરૂરિયાતોના પ્રમાણ ('માત્રા') અને ઉગ્રતા ('અંશ') સાથે અને તેને સંતોષવા માટે જરૂરી સહયોગ સાથે છે.

- **જટિલતા**: આનો સંબંધ રોગના લક્ષણોને નિયંત્રિત કરવા, બિમારી(ઓ) ની સારવાર કરવા અને/અથવા સારવારનું સંચાલન કરવા માટે જરૂરી કૌશલ સુધારવા જરૂરિયાતો કેવી રીતે ઉપસ્થિત થાય છે અને પ્રતિક્રિયા કરે છે. કોઈ એકલ બિમારીથી પણ આ ઉદભવી શકે છે અથવા એકથી વધુ બિમારીઓમાં અથવા બે કે તેથી વધુ બિમારીઓ વચ્ચેની પ્રક્રિયામાં તે સામેલ હોઈ શકે છે. તેમાં એવી પરિસ્થિતિઓનો પણ સમાવેશ થઈ શકે છે જેમાં વ્યક્તિની પોતાની બિમારી સામેનો તેનો પ્રતિભાવ તેમની સમસ્ત જરૂરિયાતો પરની અસર હોય છે, જેમ કે અમુક સ્થિતિમાં શારીરિક સ્વાસ્થ્યને પરિણામે વ્યક્તિના માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાત ઉભી થાય છે.

- **અનિશ્ચિતતા**: આ એક એવી માત્રા દર્શાવે છે જેમાં ફેરફાર થયા કરે છે અને એના પરિણામે તેને નિયંત્રિત કરવામાં પડકારો ઉભા થાય છે. તેનો સંબંધ વ્યક્તિના સ્વાસ્થ્યના જોખમના પ્રમાણ સાથે પણ છે, જો પર્યાપ્ત અને સમયસર સારવાર આપવામાં આવતી નથી. અનિશ્ચિતતા ભરી સ્વાસ્થ્ય સારવારની જરૂરિયાત વાળી

વ્યક્તિની બિમારીમાં વારે વારે ફેરફાર થવાની, અસ્થિર થવાની અથવા ઝડપથી વણસતી જવાની સંભાવના રહેલી છે.

આ લાક્ષણિકતાઓમાંની કોઈ એક અથવા એકથી વધુનું મિશ્રણ પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાત દર્શાવે છે.

એકંદરે જોવા જઈએ તો એ સવાલ પર પણ વિચાર કરવો જોઈએ કે શું કોઈ વ્યક્તિ દ્વારા આવશ્યક નર્સિંગ અથવા અન્ય સ્વાસ્થ્ય સેવાઓ એવા પ્રકારની છે જે સ્થાનિક સત્તામંડળો દ્વારા કાયદેસર રીતે પૂરી પાડવામાં આવી શકે છે. જો તેઓ પ્રદાન કરતા નથી, તો આ પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાતને દર્શાવશે.

## તમારી અંગત માહિતીનું શું કરવામાં આવે છે?

**ગુપ્તતા નોટિસ**

અમારી ગુપ્તતા નોટિસ – https://www.england.nhs.uk/contact-us/privacy-notice/ – દર્શાવે છે કે કેવી રીતે અમે અંગત માહિતીનો ઉપયોગ કરીએ છીએ અને સમજાવે છે કે કેવી રીતે તમે અમારો સંપર્ક કરી શકો છો અને ડેટા સબ્જેક્ટ તરીકે તમારા અધિકારો માટે વિનંતી કરી શકો છો.  ડેટા પ્રોટેક્શન અધિનિયમ 2018 ની આવશ્યકતાઓ અનુસાર અમે તમારી માહિતી પર પ્રક્રિયા કરીશું.

તમને જો કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો કૃપા કરી આ વેબસાઈટ : https://www.england.nhs.uk/healthcare/ પરની સંપર્ક માહિતીનો ઉપયોગ કરીને સંબંધિત પ્રાદેશિક ટીમનો સંપર્ક કરો.

જો તમને ડેટા પ્રોટેક્શન સંબંધિત કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરી : england.dpo@nhs.netપર અમારી ડેટા પ્રોટેક્શન ઓફિસનો સંપર્ક કરો.

ડેટા પ્રોટેક્શનની બાબતોને લઈને માહિતી કમિશનરની ઓફિસ: https://ico.org.uk/make-a-complaint/માં અમારી સામે ફરિયાદ કરવાનો તમને અધિકાર છે.

NHS ઈંગ્લેન્ડ
સ્કિપટન હાઉસ 80
લંડન રોડ લંડન
SE1 6LH

સંપર્ક: enquiries@england.nhs.uk

આ પ્રકાશન વિનંતી કરવાથી અનેક વૈકલ્પિક સ્વરૂપમાં ઉપલબ્ધ થઈ શકશે.

© NHS England 2022 | PAR1381